## જન્મદિને વધામણી



**હરેશ જી જોશી**
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



**પૂર્વી કિરીટ પાઠક**
મો. ૯૮૨૪૩ ૯૯૩૮૭



**ગોવિંદભાઈ સીતારામ મોદી**
મો. ૯૭૨૩૧ ૫૯૦૯૬



**ધ્વનિ દિક્ષિતકુમાર બ્રહ્મભટ્ટ**
મો. ૯૭૨૪૪ ૬૫૫૮૮



**શ્લોક મંથનભાઈ પટેલ**
ફોન : ૨૩૨૪૫૪૮૮



**વેદાંત જતીન શાહ**
મો. ૯૮૭૯૨ ૩૫૨૬૫

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા દાંડી કુટિરની મુલાકાત



શ્રી જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા સૅક્ટર-૧૪ સ્થિત મહાત્મા મંદિર ખાતે દાંડી કુટિરની મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાલયની ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ આ મુલાકાતમાં જોડાઈ હતી. ગાંધીજીના જીવનપ્રસંગો અને સંદેશને લગતી પ્રસ્તુતિ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓએ આહ્લાદ અનુભવ્યો હતો. આ સાથે ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા માટે રંગો તથા ડ્રૉઈંગ પેપર્સ દાંડી કુટિરથી જ પૂરાં પાડવામાં આવ્યાં હતાં.



ફ્રૅન્ડશીપ ડેની ઉજવણી દુનિયા ને દેશની માફક શહેરનાં યુવાવર્ગ દ્વારા તો કરવામાં આવી જ હતી, પરંતુ શહેરના વિશિષ્ટ વિદ્યાર્થીઓ દ્વારા પણ કરવામાં આવી હતી. હેત ફાઉન્ડેશનના માનસિક વિશિષ્ટ વિદ્યાર્થીઓ માટે આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી. સંસ્થાના સંચાલકો, શુભેચ્છકો દ્વારા સઘળા વિદ્યાર્થીઓને 'ફ્રૅન્ડશીપ બેલ્ટ' બાંધવામાં આવ્યા હતા અને વિવિધ રમતો રમાડી તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.



વાતાવરણને હરિયાળુ બનાવવાના ઉદ્દેશને સમર્થન માટે તથા યુવાનોને સક્રિય કદમ ભરવાની પ્રેરણા આપવા માટે તથા પર્યાવરણની જાળવણી માટે 'સ્ટ્રેટેજીક યુથ ગ્રુપ' દ્વારા દિપિન્દર જેસલમેરીની આગેવાની હેઠળ 'ટ્રી ફોર લાઈફ' વનીકરણ (પ્લાન્ટેશન) ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. હરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપ્રસંગે ધરતી માતાને સમર્પિત કરયેલુ એક એક્સલુઝીવ ગીત રજૂ કરવામાં આવ્યું આ પ્રસંગે ગ્રીન મેન તરીકે ઓળખાતા અખિલ ભારતિય વ્યાપાર મહાસભાના પ્રેસીડેન્ટ શ્રી સંજય અગરવાલ હાજર રહ્યા હતા. તેમણે ગ્લોબલ વારંમીંગ સમિટ, દિલ્હી ખાતે ભારતભરમાં ૨૦ કરોડ વૃક્ષો વાવવાની પ્રતિજ્ઞા લીધેલી છે, જેમાંથી એક કરોડ વૃક્ષો ગુજરાતમાં વાવવાના છે. સ્ટ્રેટેજીક યુથ ગ્રુપ પણ આ પ્રયાસમાં સામેલ થયું છે. વૃક્ષો રોપવાની એક આક્રમક ઝુંબેશ શનિવારે અમદાવાદથી આરંભાઈ છે, જે આગામી દિવસોમાં સમગ્ર રાજ્યને આવરી લેશે.

# ફતેહપુરા ખાતે વિદ્યાર્થીઓનો આરોગ્ય તપાસણી કૅમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૭

ગુજરાત યુનિવર્સિટી સમાજકાર્ય વિભાગ (ઍમઍસડબલ્યુ)ના વિદ્યાર્થીઓ અને ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે ફતેહપુરા ગામ ખાતે પ્રાથમિક શાળા અને આંગણવાડીના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણીનો કૅમ્પ યોજવામાં આવ્યો હતો.

નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચૅક-અપ કરવામાં આવ્યું હતું અને તેમને આરોગ્યપ્રદ ખોરાક તથા હૅન્ડવૉશ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તબીબોએ ઍનડીડી અંતર્ગત કૃમિનાશક દવાઓ વિશે પણ વિગતે સમજ આપી હતી. ડૉ. શ્રદ્ધા રાજપૂતે ન્યૂટ્રીશન વિશે વિદ્યાર્થીઓને વિગતે સમજ આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આરોગ્ય વિભાગના નિષ્ણાત તબીબ ડૉ. શ્રદ્ધા રાજપૂત, મૅડિકલ ઑફિસર ડૉ. યોગીન પટેલ, ડૉ. ઋત્વા ઠક્કર, શાળાનાં આચાર્ય ભારતીબેન, ફિલ્ડ સુપરવાઈઝર શાદાબ કાઝી તથા સમાજકાર્યના વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી હતી.

ફતેહપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કર્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ૧૫૨ જેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય વિષયક તપાસ કરવામાં આવી હતી, સ્વસ્થ આરોગ્ય અંગે તેમને વિસ્તૃત સમજ પણ આપવામાં આવી હતી અને આયર્ન - ફૉલિક ઍસિડની ટૅબલેટ પણ આપવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૯.૪૫
**સ્ક્રીન-૨**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૩.૩૦, ૧૦.૦૦
ઢીશૂમ
૧.૦૦, ૭.૦૦
**સ્ક્રીન-૩**
ધી બીઍફજી
(૩ડી-હિન્દી)
૧૨.૩૦
જેસન બૉર્ન
(૩ડી-અંગ્રેજી)
૨.૪૫, ૭.૩૦, ૧૦.૦૦
જેસન બૉર્ન
(૩ડી-હિન્દી)
૫.૧૫
**સ્ક્રીન-૪**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
સવારે ૧૦.૦૦
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૧.૦૦, ૭.૦૦
સુલતાન
૪.૦૦
ફિવર
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
લિજેન્ડ ઑફ માઈકલ મિશ્રા
૧૨.૩૦, ૬.૩૦
ઢીશૂમ
૩.૪૫
બુધિયાસિંહ બૉર્ન ટુ રન
૯.૩૦

# હરે કૃષ્ણ મંદિર ખાતે હેરિટેજ ફેસ્ટનો પ્રારંભ







## ૩૫થી વધુ શાળાઓના ૧૫૦૦ વિદ્યાર્થીઓ ફેસ્ટમાં જોડાયા

ગાંધીનગર, તા. ૭

હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે બાળમંદિર થી ધોરણ ૧૦માં ભણતા બાળકો માટે મનોરંજક અને જ્ઞાનસભર સાંસ્કૃતિક કાર્નિવલ સ્પર્ધા "હેરિટેઝ ફેસ્ટ" કાર્યક્રમની શનિવારે ભવ્ય શરૂઆત થઈ. આશરે ૧૫૦૦ કરતા પણ વધુ બાળકોએ પ્રથમ દિવસે ગીતા શ્લોક ચેન્ટીંગ, વૈદિક સ્કીટ, મ્યુઝિક કોનસર્ટ, વોકલ મ્યુઝિક ( સોલો એન્ડ ગ્રુપ), ક્રિષ્ના રાઈમ્સ એન્ડ સ્ટોરી ટેલીંગ, ઈલોક્યુશન, એસે રાઈટીંગ એન્ડ ક્રિએટીવ રાઈટીંગ, વૈદિક ક્વીઝ (ઓરલ એન્ડ રીટન), માઈમ, મોનો એકટીંગ એન્ડ ડમ્બ સેરડ્સ વિગેરે જેવી જુદી-જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

આશરે ૩૫ કરતા પણ વધુ શાળાઓ જેવી કે શાંતિ એસ્યાટિક સ્કૂલ, શ્રી રવિશંકર મહાવિદ્યાલય, લક્ષ્ય ઈન્ટરનેશનલ સ્કૂલ વિગેરે શાળાઓના બાળકો આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં.

હેરિટેઝ સ્પર્ધા દ્વારા બાળકોએ વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધા અને પ્રતિયોગિતામાં ભાગ લેવાની અનન્ય તક મળી હતી. બાળકોને તેઓની આગવી કળા અને સર્જનવૃતિ (ક્રિએટીવીટી) દર્શાવવા માટેનો વિશિષ્ટ પ્રસંગ હતો.

આ હેરિટેજ ફેસ્ટ બાળકોમાં ધાર્મિક અને વૈદિક સંસ્કૃતિના જ્ઞાનને ઉજાગર કરે છે જે તેમની ક્રિએટીવીટીમાં વધારો કરવામાં મદદરૂપ બની રહે છે અને તેમજ આધ્યાત્મિક જ્ઞાનનું સિચંન કરી તેમને દેશના સારા નાગરિક તરીકેનું ઘડતર કરે છે, એવો અભિપ્રાય ઉપસ્થિત શિક્ષકોએ આપ્યો હતો.

# ઈશ્વર આવાં દાદી અને નાની સૌ બાળકોને આપે



દાદીમા, નાનીમા, મા... સ્ત્રીનાં અનોખાં સ્વરૂપ ને આ બધાં સ્વરૂપોમાં આદર્શ ગણી શકાય એવું સ્વરૂપ એટલે મારાં નાની મંગળાબેન લાલદાસ નિમાવતનું. સૅક્ટર-૨૨માં પ્લૉટ નં. ૪૮૯/૨માં એમનો નિવાસ.

એમનો જન્મ જોડિયા, જિ. જામનગરમાં. આ એ સ્થળ છે જ્યાં દર વર્ષે માગશર સુદ ૧૧ના રોજ ગીતા જયંતિની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવે છે અને પૂ. મોરારિબાપુની એ પ્રસંગે ત્યાં અવશ્ય ઉપસ્થિતિ હોય છે. આ સ્થળે હાલ અખંડ રામાયણના પાઠ પણ ચાલી રહ્યા છે. આવા પવિત્ર ગામમાં મંગળાબાનો જન્મ.

તેમનાં લગ્ન ગાંધીનગરમાં થયા બાદ ૧૯૭૧માં તેઓ ગાંધીનગર આવીને વસ્યા ને મંડપ ડેકોરેટર્સના વ્યવસાયની શરૂઆત કરી. અથાગ મહેનત, મીઠી જીભ અને કામ પ્રત્યેની નિષ્ઠાને કારણે આ વ્યવસાયમાં તેમને અણધારી સફળતા મળી, જે કારણે તેમને આર્થિક સુખ પણ પ્રાપ્ત થયું.

એમનાં દીકરી દક્ષાબેન (મારાં મમ્મી)ને બીકૉમ, ઍલઍલબી, દીકરા રાકેશભાઈને ડીસીઈ તથા અજયભાઈને ઍમબીબીઍસ, ઍમડી અને નરેન્દ્રને પ્લાસ્ટિક ઍન્જિનીયરિંગનો અભ્યાસ એમણે સફળતાપૂર્વક પૂર્ણ કરાવ્યો.

આમ, વ્યવસાય અને સંતાનોના ઉછેર એ બંને બાબતોમાં તેમણે સફળતા પ્રાપ્ત કરી.

હું પણ એમની જ પ્રેરણાથી ધોરણ-૧૨ સાયન્સમાં ૯૫ ટકા માર્ક્સ લાવી શકી અને હાલ અમદાવાદમાં ઍમબીબીઍસનો અભ્યાસ કરી રહી છું. એ જ રીતે મારા કાકાનાં સંતાનો પણ મારાં નાનીનો સંપૂર્ણ લાડ-પ્યાર મેળવીને આગળ વધી રહ્યાં છે. આમ, ન માત્ર પોતાનાં સંતાનોને, પરંતુ સંતાનોનાં સંતાનોને પણ મંગળાબાએ ભરપૂર લાડ-પ્યાર આપીને એમના જીવનની ગાડીને પાટે ચડાવવામાં અનન્ય યોગદાન આપ્યું છે.

**સંવેદના**
**યાદ દાદા-દાદીની**

મંગળાબા એટલે અપ્રતિમ ભક્તિભાવ ધરાવનારું વ્યક્તિત્ત્વ. પોતાના ઘર ઉપર એમણે રામચંદ્ર ભગવાનનું સુંદર મંદિર બનાવડાવ્યું છે, જ્યાં અખંડ જ્યોત ચાલે છે. પૂ. મોરારિબાપુ બે વખત મંદિર સમા આ પવિત્ર ઘરની મુલાકાત લઈ ગયા છે. અહીં મંગળાબેન સવારના ૭થી ૧૧ સુધી નિયમિત હનુમાન ચાલીસાના પાઠ, રામાયણના પાઠ, ગીતાના પાઠ, ગાયત્રી ચાલીસા કરે છે અને અહીં યજ્ઞ તથા હવનનું આયોજન પણ કરે છે.

એમના ભક્તિભાવથી ઘરનું વાતાવરણ સદાય ખુશનુમા અને આધ્યાત્મિકતાથી ભરેલું રહે છે અને એ જ કારણે આ ઘરમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિએ સ્થાન પ્રાપ્ત કર્યું છે એવું મારું માનવું છે. ઈશ્વર આવાં દાદી અને નાની સૌ બાળકોને આપે એવી મારી પ્રાર્થના છે.

**- પ્રિયંકા રામાનૂજ**



મારા દાદા પરમાભાઈ પટેલને મેં નાનપણમાં ખૂબ જ નાની વયે જોયેલા જે સ્મૃતિમાં નથી, પરંતુ મારા દાદા ચામડામાંથી કોષ બનાવતા, જે કૂવામાંથી પાણી ખેંચવાના કામમાં ઉપયોગી બનતો. બળદને નાકમાં પરોવવામાં આવતી વાઘેડી(હળ સાથે બળદને જોતરવા માટે કામમાં આવતી ચામડાની પટ્ટી) પણ તેઓ બનાવતા. અલબત્ત, ચામડામાંથી એમની બનાવેલી વિવિધ વસ્તુઓનો ઉપયોગ સમાજ છૂટથી કરતો અને એ ઉપયોગ માટે કોઈને કોઈ પ્રકારની આભડછેટ નહોતી, પરંતુ ચામડાનું કામ કરનાર વ્યક્તિ પ્રત્યે ત્યારેય સમાજમાં આભડછેટ હતી અને અત્યારે પણ એ જોઈ શકાય છે!

દાદા ખેતી પણ કરતા હતા ને એમાં તેમને મારાં દાદી સાથ આપતાં હતાં. મારાં દાદી એટલે રામીબેન, જે દાદાના મૃત્યુ પછી લાંબો સમય જીવ્યા. એમને છીંકણી સૂંઘવાની ટેવ હતી. એમને મારા કાકા-કાકીના ઘર કરતાં અમારે ઘેર રહેવાનું વધારે ફાવતું એવું મને યાદ છે.

દાદીનો ભરપૂર સ્નેહ ને મમતા મને મળી છે ને અભ્યાસમાં એમનો સંપૂર્ણ સાથ પણ મને મળ્યો છે. અડધી રાત્રે પણ હું અભ્યાસ કરતો હોઉં તો મારાં દાદી મારી સાથે હોય એવું મેં અનુભવ્યું છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી હું અભ્યાસની સાથે-સાથે નોકરી પણ કરતો ને એ કારણે મારે રાત્રિના સમયે વાંચવું પડતું. એવે સમયે દાદી પોતાની ઉંઘ બગાડી મને વાંચવા માટે જાગવામાં સાથ આપતાં. હું વાંચતાં-વાંચતાં ઊંઘી ન જાઉં એ માટે તેઓ લાકડી ખખડાવતા ને હું પાછો સજાગ થઈ જતો.

મારાં દાદીની જેમ મારાં નાની મણિબેન પણ લાંબું જીવ્યાં. એમને પણ મારા પ્રત્યે ખૂબ પ્રેમ. તેઓ ખેતી કરતાં, નાના જીવિત ન હતા અને મામાની જવાબદારી નાનીના માથે હતી. મારાં નાની પર નાની ઉંમરે મહાકાળી પ્રસન્ન હતા એવું મનાય છે. તેમણે ઘણીવાર એવી વાત કરી છે કે મહાકાળી તેમને પોતાની સાથે આખી દુનિયા ફરવા લઈ ગયા હતા ને દુનિયા આખીની પ્રદક્ષિણા પોતાને કરાવી હતી, ત્રણ ભાગમાં પાણી ને એક જ ભાગમાં જમીન હોય એવી દુનિયા પોતે જોઈ છે!

એ જ નાનીને એકવાર માતાજી આવ્યા, જેમણે આગાહી કરી હતી કે 'મોટેરાની આ કોતરવાળી જમીનમાં દેશ-વિદેશની ધજાઓ ફરકશે ને હજારો માણસ ત્યાં એકત્ર થશે.' ત્યારે તો આ વાતનો મને વિશ્વાસ નહોતો આવ્યો કારણ કે ત્યારે સાબરમતી નદીના કિનારે કોતરોમાં અમારી જમીન હતી, જ્યાં વરસાદથી ધોવાણ થવાથી અમે ખેતીય કરી નહોતા શકતા ને આ જમીન વેચાતી પણ નહોતી. પરંતુ, જ્યારે અહીં ક્રિકેટ સ્ટેડિયમ બન્યું ને ૧૯૮૩માં અહીં પ્રથમ મૅચ રમાઈ ત્યારે મને આ વાત સાંભરી આવી.

કોઈ માને કે ન માને પણ મેં અનુભવેલી આ સત્યઘટના છે ને હું માનું છું કે માતાજીની પ્રસાદીરૂપે મોટેરાને આ સ્ટેડિયમની ભેટ મળી છે!

મારાં દાદા-દાદી અને મારાં નાનીને મારાં પ્રણામ!

**- ગુલાબચંદ પટેલ**

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન પત્રકારત્વના વિદ્યાર્થીઓ દ્વારા અનોખી રીતે ફ્રૅન્ડશીપ ડેની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન પત્રકારત્વના વિદ્યાર્થીઓ દ્વારા અનોખી રીતે ફ્રૅન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

ફ્રૅન્ડશીપ ડે નિમિત્તે આ વિદ્યાર્થીઓએ પોતાનાં ગુરુજનોની મુલાકાત લીધી હતી અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ગુરુજનો પાસેથી પોતાને મળી રહેલી અમૂલ્ય એવી વિદ્યા અને જ્ઞાનના બદલામાં આ વિદ્યાર્થીઓએ પોતાને મળેલા જ્ઞાનનો ઉપયોગ સદ્‌માર્ગે કરવાનું વચન ગુરુજનોને આપ્યું હતું.

પ્રત્યેક વિદ્યાર્થીએ આ પ્રસંગે પોતે પોતાનું સમગ્ર ધ્યાન કારકિર્દી ઘડતરમાં લગાવશે અને અનીતિનો કોઈ રસ્તો અખત્યાર નહીં કરે એવા સોગંદ લઈ ગુરુજનો પ્રતિ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**